| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ: | ૦૯–૦૯–૨૦૨૫ | | |
| દાખલ તારીખ: | ૦૯–૦૯–૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ: | ૨૨–૦૪–૨૦૨૬ | | |
| **અ વ ધિ :** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૭ | ૧૫ |

**મહે.પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.માંડવી–કચ્છ**

**દિ.પ.અરજી નં. ૨૨/૨૦૨૫**
**આંક :– ૩૨/એ**

**સુમાર દાઉદ કુંભાર, ઉ.વ.પુખ્ત,**
રહે.સાંભરાઈ મોટી, તા.માંડવી–કચ્છવાળાના વારસદાર પુત્ર–
**કુંભાર હાજીહુસેન હાજી સુમાર, ઉ.વ.૪૬,**
રહે.સાંભરાઈ મોટી, તા.માંડવી–કચ્છ

**... અરજદાર**

**બાબત :–** **હિન્દુ વારસાધારા અધિનિયમ, ૧૯૨૫ ની કલમ–૨૭૬ મુજબ વીલનું પ્રોબેટ મંજૂર કરવા અંગે...**

અરજદાર તરફે વિ.વ.શ્રી એલ. જે. કુફલ

**–: ચુકાદો :–**

**(૧)** અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારના પિતા નામે સુમાર દાઉદ કુંભારનું તા.૬–૧૧–૨૦૨૦ ના રોજ અવસાન થયેલ છે અને તેમને વીલ કરી આપનાર ધનજી લધાભાઈ શાહનું તા.૭–૬–૧૯૭૫ ના રોજ અવસાન થયેલ છે. અરજદારના પિતા નામે સુમાર દાઉદ કુંભારને ધનજી લધાભાઈ શાહએ

તા.૨૮–૯–૧૯૭૩ ના રોજ વીલ યાને વસીયતનામુ મુંબઈ મધ્યે નોટરી રૂબરૂ નોંધણી કરાવેલ છે, સદર વીલ યાને વસીયતનામુ ધનજી લધાભાઈ શાહએ પોતાની માલિકી અને કબજા ભોગવટાની મિલ્કત અંગેનું કરેલ છે. સદરહુ વીલ ધનજી લધાભાઈ શાહએ કરેલ વ્યવસ્થા પ્રમાણે તેમની માલિકીવાળી મિલ્કત તે ગામ હાલાપર–સાંભરાઈ, સર્વે નં.૫૧, હેકટર ૩–૯૩–૫૬ આરે રૂા.૧૧.૫૬ પૈસાવાળો તથા સર્વે નં.૫૨, જેના હેકટર ૫–૦૦–૮૦ આરે રૂા.૮.૧૩ પૈસાવાળાનો અરજદારના પિતાને આપવા ઈચ્છા વ્યકત કરેલ છે અને કબજા તથા ભોગવટા હેઠળની આવેલ સદરહુ મિલ્કત ગુજરનાર ધનજી લધાભાઈ શાહની સ્વકમાઈની સ્વપાર્જીત મિલ્કત છે, સદરહુ મિલ્કત ધનજી લધાભાઈ શાહ તેમની હયાતીમાં કરેલ વીલના આધારે અરજદારના પિતાના નામે ઠરાવી આપેલ છે અને એ મુજબ હાલ આ મિલ્કત હાલાપર–સાંભરાઈ, સર્વે નં.૫૧ તથા ૫૨ વાળી નામે ધનજી લધાભાઈ શાહની માલિકી તથા ભોગવટાની છે તે તેમની હયાતી બાદ અરજદારના પિતાની માલિકીની ગણાશે, જે તેઓ વારસદારો મેળવવા હકકદાર છે. આ મિલ્કત ધનજી લધાભાઈ શાહએ ખરીદ કરેલ છે જે વીલથી અરજદારના પિતાને આપેલ છે.

વધુમાં જણાવેલ છે કે, સદરહુ કામે વીલ તેઓને હાલમાં મળી આવેલ છે જેની ખરી નકલ આ કામે રજુ છે. ગુજરનાર સુમાર દાઉદ કુંભારનું પેઢીનામુ નીચે મુજબ છે :–

| સ્વ.સુમાર દાઉદ કુંભાર | | | | | |
|---|---|---|---|---|---|
| સ્વ.હનીફાબાઈ | ગની | ઈસ્માઈલ | જુસબ | મામદ | હાજીહુસેન |

ગુજરનાર સુમાર દાઉદ કુંભારના વારસોમાં ઉપરોકત જણાવેલ નામો વર્ણનવાળા છે તે સિવાય અન્ય કોઈ નથી. અરજદારની જાત માહિતી મુજબ

મુંબઈ મધ્યે નોટરી રૂબરૂ તા.૨૮–૯–૧૯૭૩ વાળુ કરેલ વીલ ગુજરનાર ધનજી લધાભાઈ શાહનું છેલ્લુ અને આખરી વીલ છે. વીલમાં દર્શાવેલ મિલ્કત હાલાપર–સાંભરાઈ શહેર મધ્યે આવેલ હોય નામદાર કોર્ટને આ અરજી ચલાવવા સાંભળવા અને આખરી નિરાકરણ કરવા હકુમત છે. આ અરજી પર ચોડવાની થતી ધોરણસરની કોર્ટ ફી ચોડેલ છે તેમજ નામદાર કોર્ટ આ અરજીના આખરી નિરાકરણ કરી ફરમાવે તે મુજબની કોર્ટ ફી અરજદાર પુરી પાડીશુ. આમ, અરજદારની આ અરજીની વિગતો અને હકીકતોને લક્ષમાં રાખી તેમજ સાથે રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા લક્ષમાં લઈ, ગુજરનાર ધનજી લધાભાઈ શાહનું તા.૨૮–૯–૧૯૭૩ વાળા વીલમાં દર્શાવ્યા પ્રમાણે સુમાર દાઉદ કુંભારને માલિકીના હકક ઠરાવેલ છે, એ મુજબ મિલ્કતના શિડયુલ લીસ્ટમાં જણાવ્યા મુજબની મિલ્કતનું પ્રોબેટ અરજદારના પિતાના નામનું અરજદારની તરફેણમાં કાઢી આપવા હુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે.

(૨) આ કામના અરજદારની અરજી સંદર્ભે આંક–૧ તળે નામદાર કોર્ટ તરફથી આ કામની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવવા માટે સ્થાનિક જાહેર વર્તમાન પત્રમાં, જુદી–જુદી સરકારી કચેરીઓએ તથા જુદી–જુદી જાહેર જગ્યાએ જાહેર નોટીસો પ્રસિધ્ધ કરવા હુકમ કરવામાં આવેલ છે. જે અન્વયે એક જાહેર નોટીસ અરજદારના ખર્ચે સ્થાનિક દૈનિક વર્તમાનપત્ર ''સંદેશ''માં પ્રસિધ્ધિ અર્થે મોકલી આપવામાં આવી અને બાકીની જાહેર નોટીસો જુદી જુદી સરકારી કચેરીઓએ તથા જાહેર જગ્યાએ પ્રસિધ્ધિ અર્થે મોકલી આપવામાં આવેલ છે, જે જાહેર નોટીસો બજી ગયેલ છે.

(૩) અરજદાર પક્ષ તરફે તેની અરજીના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે.

(અ) **<u>મૌખિક પુરાવો :–</u>**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | ૧૧ | અરજદાર– કુંભાર હાજીહુસેન હાજી સુમારનું પુરાવાનું સોગંદનામુ |
| (૨) | ૨૭ | સાહેદ માલશી ખજુરીયા મહેશ્વરીનું પુરાવાનું સોગંદનામું |
| (૩) | ૨૮ | સાહેદ સૈયદ કાદરશા અભલશાનું પુરાવાનું સોગંદનામું |
| (૪) | ૨૯ | સાહેદ કાસમ આમદ દરાડનું પુરાવાનું સોગંદનામું |
| (૫) | ૩૦ | સાહેદ દરાડ આધમ મામદનું પુરાવાનું સોગંદનામું |

(બ) **<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૧૩ | ધનજી લધા શા નું તા.૨૮–૯–૭૩ વાળા વીલની ખરી નકલ |
| (૨) | ૧૪,૧૫ | સીમ સર્વે નં.૫૧ તથા ૫૨ ના મેન્યુઅલ ૭–૧૨ ની નકલ |
| (૩) | ૧૬ થી ૨૦ | હકક પત્રક નોંધ નં.૮૩, ૫૬૭, ૧૫૩૯, ૧૬૦૧, ૨૨૫૫ ની ખરી નકલ |
| (૪) | ૨૧ | ના.કલેકટરશ્રીની અપીલ અરજી તથા ડીલે કોન્ડોન અરજીની નકલ |
| (૫) | ૨૨ | શા ધનજી લધાભાઈનું અવસાન થયાની મરણ રજીસ્ટરમાં નોંધણી થયેલ ન હોવા અંગેનો દાખલો |
| (૬) | ૨૩ | દૈનિક વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેલ જાહેર નોટીસનું બીલ અસલ |
| (૭) | ૨૪ | સંદેશ દૈનિક વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેલ જાહેર નોટીસ અસલ |
| (૮) | ૨૫ | મરણ જનારના સરનામે રજીસ્ટર એડી.થી નોટીસ કરેલ તેની સ્લીપ અસલ |

| | | |
|---|---|---|
| (૯) | ૨૬ | રજીસ્ટર્ડ એડી. મળ્યા અંગે પોસ્ટ વિભાગના ટ્રેકીંગ રીપોર્ટની ઓનલાઈન નકલ |

અરજદાર પક્ષ તરફે વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, જેથી આંક–૩૧ ની કલોઝીંગ પુરશીષથી પુરાવો પુર્ણ થયાનું જાહેર કરેલ છે.

(૪) આ કામે અરજદાર પક્ષ તરફે રજુ થયેલ તેની અરજી, મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. અરજદારનાં વિધ્વાન વકીલ શ્રી એલ. જે. કુફલની મૌખિક દલીલો સાંભળી.

(૫) હાલના કામે સૌ પ્રથમ જોઈએ તો અરજદારે આંક–૧૧ થી સોગંદ ઉપર જાહેર કરેલ છે કે, શીડયુલમાં જણાવેલ સ્થાવર મિલ્કતો ગુજરનાર ધનજી લધાભાઈ શા. ની માલિકીની છે, જેના સમર્થનમાં અરજદાર પક્ષ તરફે આ કામે આંક–૧૪ તથા ૧૫ થી સીમ સર્વે નં.૫૧ તથા ૫૨ ના મેન્યુઅલ ૭–૧૨ ની નકલ રજુ કરેલ છે, જે ધ્યાને લેતા ગામ હાલાપર–સાંભરાઈ, સર્વે નં.૫૧, હેકટર ૩–૯૩–૫૬ આરે રૂા.૧૧.૫૬ પૈસાવાળી તથા સર્વે નં.૫૨, જેના હેકટર ૫–૦૦–૮૦ આરે રૂા.૮.૧૩ પૈસાવાળી સ્થાવર મિલ્કતો ગુજરનાર ધનજી લધાભાઈ શા.ના નામે કબજેદાર તરીકે નોંધાયેલ હોવાનું ફલિત થાય છે. વધુમાં, હકક પત્રક નોંધ નં.૮૩, ૫૬૭, ૧૫૩૯, ૧૬૦૧, ૨૨૫૫ ની ખરી નકલ તથા ના.કલેકટરશ્રીની અપીલ અરજી તથા ડીલે કોન્ડોન અરજીની નકલ આ કામે અનુક્રમે આંક–૧૬ થી ૨૧ સુધી રજુ કરેલ છે. વધુમાં, અરજદારના કથન અનુસાર અરજદારના પિતા નામે સુમાર દાઉદ કુંભારનું તા.૬–૧૧–૨૦૨૦ ના રોજ અવસાન થયેલ છે અને તેમને વીલ કરી આપનાર ધનજી લધાભાઈ શા.નું તા.૭–૬–૧૯૭૫ ના રોજ અવસાન થયેલ છે, જો કે મરણ જનારના કોઈ મૃત્યુ પ્રમાણપત્ર કે દાખલો રજુ કરેલ નથી

પરંતુ તે સંબંધે અરજદાર પક્ષ તરફે ધનજી લધાભાઈ શા. નું અવસાન થયા અંગેની મરણ રજીસ્ટરમાં નોંધણી થયેલ ન હોવા સબબનો દાખલો આંક–૨૨ થી રજુ કરેલ છે. વધુમાં, અરજદારના પિતા નામે સુમાર દાઉદ કુંભારને ધનજી લધાભાઈ શાહએ તા.૨૮–૯–૧૯૭૩ ના રોજ વીલ યાને વસીયતનામુ મુંબઈ મધ્યે નોટરી રૂબરૂ નોંધણી કરાવેલ છે, સદર વીલ યાને વસીયતનામુ ધનજી લધાભાઈ શાહએ પોતાની માલિકી અને કબજા ભોગવટાની મિલ્કત અંગેનું કરેલ હોવાનું અરજદારે કથન કરેલ છે. વધુમાં, અરજદાર પક્ષ તરફે સમર્થનમાં સાહેદો– માલશી ખજુરીયા મહેશ્વરી, સૈયદ કાદરશા અભલશા, કાસમ આમદ દરાડ તથા દરાડ આધમ મામદનાઓને અનુક્રમે આંક–૨૭, ૨૮, ૨૯ તથા ૩૦ થી તપાસેલા છે, જેમા તેઓએ અરજદારની અરજીની હકીકતોને સમર્થનકારી વિગતો જણાવેલ છે.

વધુમાં, અરજદારના કથન અનુસાર ગુજરનાર ધનજી લધાભાઈ શા. એ તા. ૨૮–૯–૧૯૭૩ ના રોજ મુંબઈ મધ્યે નોટરી રૂબરૂ કરેલ વીલ તેમનું છેલ્લુ અને આખરી વીલ છે, સદરહુ મિલ્કતો ધનજી લધાભાઈ શા. તેમની હયાતીમાં કરેલ વીલના આધારે અરજદારના પિતાના નામે ઠરાવી આપેલ છે અને એ મુજબ હાલ આ મિલ્કત હાલાપર–સાંભરાઈ, સર્વે નં.૫૧ તથા ૫૨ વાળી નામે ધનજી લધાભાઈ શા. ની માલિકી તથા ભોગવટાની છે તે તેમની હયાતી બાદ અરજદારના પિતાની માલિકીની ગણાશે જે તેમના વારસદારો મેળવવા હકકદાર છે, જેથી ગુજરનાર ધનજી લધાભાઈ શા. નું તા.૨૮–૯–૧૯૭૩ વાળા વીલમાં દર્શાવ્યા પ્રમાણે સુમાર દાઉદ કુંભારને માલિકીના હકક ઠરાવેલ છે, એ મુજબ મિલ્કતના શિડયુલ લીસ્ટમાં જણાવ્યા મુજબની મિલ્કતોનું પ્રોબેટ અરજદારના પિતાના નામનું અરજદારની તરફેણમાં કાઢી આપવા સારૂ અરજદારે હાલની આ અરજી કરેલ છે.

વધુમાં, આ કામે ગુજરનાર ધનજી લધાભાઈ શા. એ તા.૨૮–૯–૧૯૭૩ ના રોજ કરેલ વીલની ખરી નકલ આંક–૧૩ થી રજુ કરેલ છે, પરંતુ વીલમાં સાક્ષી તરીકે સહી કરનારાઓને અરજદાર પક્ષ ધ્વારા સાહેદ તરીકે અદાલત રૂબરૂ તપાસેલ નથી. જો કે સદર વીલ ઓનરેબલ પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ, બોમ્બે સમક્ષ તા.૨૮–૯–૧૯૭૩ ના રોજ થયેલ હોવાનું તેમજ સદર વીલમાં ગુજરનાર ધનજી લધાભાઈ શા.ની સહી તથા બે સાક્ષીઓની સહી હોવાનું તેમજ સદરહુ વીલ ઉપર ઓનરેબલ પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ, બોમ્બેના સહી સિકકા થયેલ હોવાનું ફલિત થાય છે.

(૬) આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા આંક–૧૩ વાળુ વીલ યાને વસીયતનામુ ગુજરનાર ધનજી લધાભાઈ શા. નાઓએ શીડયુલમાં જણાવેલ સ્થાવર મિલકતો સંબંધે આ કામના અરજદારના ગુજરનાર પિતા– સુમાર દાઉદ કુંભારની તરફેણમાં કરી આપેલ હોય પરંતુ આ કામના અરજદાર ગુજરનાર સુમાર દાઉદ કુંભારના કાયદેસરના વારસદાર હોય, જેથી અરજદારે અરજીમાં જે સ્થાવર મિલ્કતોના પ્રોબેટની માંગણી કરેલ છે તે વીલ યોગ્ય રીતે કરેલ છે તે પુરવાર થાય છે. વધુમાં, આ કામે જાહેર નોટીસનું અસલ બીલ આંક–૨૩ થી તથા દૈનિક વર્તમાન પત્રની અસલ પ્રત આંક–૨૪ થી રજુ કરેલ છે, જે મુજબ જાહેર નોટીસ દૈનિક વર્તમાન પત્ર સંદેશમાં પ્રસિધ્ધ થયેલ છે તેમજ જાહેર સ્થળોએ નોટીસ બજેલ છે, તેમજ મરણ જનારના સરનામે રજીસ્ટર એડી.થી નોટીસ કરેલ તેની સ્લીપ આંક–૨૫ થી તથા રજીસ્ટર્ડ એડી. મળ્યા અંગે પોસ્ટ વિભાગના ટ્રેકીંગ રીપોર્ટની ઓનલાઈન નકલ આંક–૨૬ થી રજુ કરેલ છે, તેમ છતા અરજદારે તેમની અરજીમાં માંગ્યા મુજબની મિલ્કતોના વીલ સબબ પ્રોબેટ મળે તે સામે કોઈએ વર, વાંધો કે તકરાર લીધેલ નથી. આ તમામ સંજોગોમા ઉપર ચર્ચા કરી

તે અનુસાર વીલ સાઉંડ કંડીશનમાં થયેલ છે તેમજ આ વીલ મૃતકે જ કરેલ છે તેવુ પુરવાર થાય છે તેમજ વીલ કરનાર મૃતકના અન્ય કોઈ પણ વારસદારો નથી તેમ જણાય આવે છે અને આ વીલને અનુલક્ષીને કોઈ નકારાત્મક પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી. આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ ઉપરોકત હકીકતો અને સમગ્ર સંજોગો ધ્યાને તથા લક્ષમાં લઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -: હુકમ :-

**અરજદાર- <u>કુંભાર હાજીહુસેન હાજી સુમાર</u>** ની હિન્દુ વારસા અધિનિયમ હેઠળ પ્રોબેટ મેળવવાની અરજી, આથી **મંજૂર** કરવામાં આવે છે

અરજદારે જરૂરી કોર્ટ ફી સ્ટેમ્પ રજુ કર્યેથી, અરજદારના ગુજરનાર પિતા- સુમાર દાઉદ કુંભારના નામ જોગ આંક-૧ ની અરજી લગત શીડયુલમાં જણાવ્યા મુજબની સ્થાવર મિલ્કતો (*ગામ હાલાપર-સાંભરાઈ, સર્વે નં.૫૧, હેકટર ૩-૯૩-૫૬ આરે રૂા.૧૧.૫૬ પૈસાવાળુ તથા સર્વે નં.૫૨, જેના હેકટર ૫-૦૦-૮૦ આરે રૂા.૮.૧૩ પૈસાવાળુ*) નું પ્રોબેટ ઈસ્યુ કરી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** ૨૨-૦૪-૨૦૨૬
**સ્થળ :** માંડવી

**(શ્રીમતિ સ્વાતિ ખત્રી)**
પ્રિન્સિપાલ સિવિલ જજ, માંડવી-કચ્છ
કોડ નં.જી.જે.૦૧૫૧૭